| **1. Kamla Industries (Borrower) (Prop. Pradeep Trilokchand Udhani) D Ward, Shed No.195 & Amp; 196, Kubernagar, Ahmedabad. 382340**<br>**2. Jay Bhole Food Product (co-borrower/guarantor) (Prop. Saniya Pradipbhai Udhani) Shop No 38/39, A-ward, Patia, Patia, Kubernagar, Ahmedabad, Gujarat, 382340**<br>**3.Mr. Pradeep Trilokchand Udhani (co-borrower/guarantor) 11 Haridwar Society, Nr. St Workshop, Naroda, Kubernagar, Ahmedabad, Gujarat, 382340**<br>**4. Mrs. Sania Pradipbhai Udhani (co-borrower/guarantor) 11 Haridwar Society, Nr. St Workshop, Naroda, Kubernagar, Ahmedabad, Gujarat, 382340** | Rs. 57,90,756/- (Rupees Fifty Seven Lakh Ninety Thousand Seven Hundred Fifty Six Only) as on 11th Aug 2020. | Immovable freehold Property Bearing Shed No D 195 having area admeasuring 72.07 sq.mtrs. of city survey no 4744 and shed No. D 196 having area admeasuring 72.07 Sq.mtrs. of city survey No. 4745 total adms. 144.14 sq. mtrs. Together with construction area 100.17.00 sq. mtrs. standing thereon of Mouje/City Survey Ward of Sardarnagar taluka city in the district of Ahmedabad and registration sub district of Ahmedabad-6,Naroda within the state of Gujarat.<br>Boundary Details:-<br>North: - Plot No 30<br>South: - Road<br>East: - Other Plot<br>West: - Other Property |

The borrower's attention is invited to provisions of sub-section (8) of section 13 of the Act, in respect of time available, to redeem the secured assets.

Place: Ahmedabad Sd/- Authorised Officer
Date : 08-12-2020 Shriram City Union Finance Ltd

# હિંમતનગરની ગર્ભવતી સ્ત્રીએ ૪૦ દિવસ બાદ કોરોનાને મ્હાત આપી, બાળક હેમખેમ



હિંમતનગર, હિંમતનગગરની ગર્ભવતી મહિલાએ અહીંની સિવિલ હોસ્પિટલમાં ૪૦ દિવસની સઘન સારવાર બાદ કોરોનાને મ્હાત આપી હતી જ્યારે ગર્ભમાં રહેલું સાત માસનું બાળક પણ હેમખેમ જણાયું હતું. શહેરના વિનાયકનગરમાં પોતાના માતા-પિતા અને સાત વર્ષિય પુત્ર સાથે સંયુક્ત પરીવારમાં રહેતા જયદિપભાઇ સથવારા ખાનગી ધિરાણ કંપનીમાં કામ કરી ઘરનું નિર્વહન કરે છે. જેમાં સર્ગભા પત્ની પુજાબેન પણ ખરા. કોરોનાના સંકટ સમયે અજાણતામાં સર્ગભા પુજાબેનને પણ કોરોનાની ઝપટમાં આવી ગયા. એક તો સાત માસનો ગર્ભ અને પાછો કોરોનાની અસર ઘરના માથે તો જાણે આભ તૂટી પડ્યું હોય તેવી પરીસ્થિતિ પણ જયદિપભાઇ મન મક્કમ કરી સીધા સિવિલ પંહોચ્યા અને પત્ની પૂજાબેનની સારવાર માટે તજવીજ હાથ ધરી. જયદિપભાઇ વાત કરતા કહે છે કે પુજાને ૨૬ સપ્ટેમ્બર ૨૦૨૦ના રોજ કોવિડ-૧૯ નો રિપોર્ટ પોઝિટિવ આવ્યો. અને જનરલ હોસ્પિટલ હિમ્મતનગર ખાતે -સૂતિ અને સ્ત્રીરોગ વિભાગ કોવિડ-૧૯માં ૭ મહિનાના ગર્ભ સાથે આઈ.સી.યુ.માં દાખલ થઇ ગયા અગાઉ તેમને ઓપરેશન ધ્વારા બાળકની -સૂતિ થયેલ હતી તેથી ચિંતા પણ વધારે હતી. પરંતુ હોસ્પિટલના તમામ સ્ટાફે પરીવારની જેમ હૂંફ આપી અને આજે ૪૦ દિવસે અમે ઘરે પરત ફર્યા છીએ.

સિવિલ હોસ્પિટલના સ્ત્રીરોગ નિષ્ણાત ર્ડા.મનીષાબેન કહે છે પૂજાબેનને દાખલ કરવામાં આવ્યા ત્યારે તેમની સ્થિતિ અત્યંત નાજુક હતી. તેમને આર.બી.એમ. માસ્ક ઉપર રાખી સારવાર શરૂ કરાઇ હતી. દર્દીની પરિસ્થિતી ગંભીર થતાં બાયપેપ વેન્ટીલેટર મશીન ઉપર મૂકવામાં આવ્યા હતા. માતા અને બાળક બંનેની સારવાર કરવામાં બીજી દવા આડઅસર ન કરે તે પણ જોવાનું હતું પણ બંને વિભાગએ નક્કી કરી દવા અને સારવાર આપવાનું શરૂ કર્યુ. આ દરમિયાન પુજાબેન અને તેમના ગર્ભમાં રહેલા બાળકનું સઘન મોનિટરિંગ કરવામાં આવેલ અને ગર્ભમાં રહેલા બાળકનો વિકાસ નોર્મલ હતો. જરૂર પડે તેમ બધા રિપોર્ટ અને દવાની તમામ સારવાર એક પણ રૂપિયાના ખર્ચ વગર કરાઈ.

# ગુજરાતના ખેડૂતોમાં દુનિયાની ભૂખ ભાંગવાની તાકાત છે

મહેસાણા, પાવર અને પાણી બરોબર મળે તો દુનિયાની ભૂખ ભાંગવાની તાકાત ગુજરાતના ખેડૂતના બાવડામાં પડેલી છે, એ આ સરકાર સારી રીતે જાણે છે અને એટલા માટે જ હવે ખેડૂતોને ખેતરોમાં પણ દિવસે લાઈટ મળે એ માટે કિશાન સૂર્યોદય યોજનાનો પણ આરંભ થઈ ચૂક્યો છે. ખેડૂતોની ચિંતા આ સરકાર કરી રહી છે. ખેડૂતને પાણી, વીજળી, ખાતર, બિયારણ, ટેકાના ભાવે ખરીદી જેવી સવલતો આપી રહી છે. કોંગ્રેસ અને વિરોધ પક્ષો જ્યારે ભારતની જનતાએ એમને ધુત્કાર્યા છે, નકાર્યા છે, વિરોધ પક્ષ તરીકે પણ લાયક નથી ગણ્યા ત્યારે ખેડૂતના નામે ખોટાં આંદોલનો કરી -જાને ભરમાવા નિકળ્યા છે તેમ મુખ્યમંત્રી વિજય રૂપાણીએ મહેસાણામાં રૂ.૨૮૭ કરોડની પાણી પુરવઠાની છ યોજનાઓનું ખાતમુહૂર્ત કરતાં કહ્યું હતું.

તેમણે કહ્યું કે, ભૂતકાળમાં કોંગ્રેસના સાશનમાં લોકો અને લોકોના -ી વિસરાઈ ગયેલા, અમે લોકસમસ્યાના સમાધાન કરી -ી હલ કર્યા છે. ભાજપના સાશનમાં ભૂમિપૂજન થાય તેનાં લોકાર્પણ પણ ભાજપ સરકારના સમયમાં જ થઇ જાય છે.

ભૂતકાળમાં ખાતમુહૂર્તનો પાયો નાખ્યા બાદ ૧૨-૧૫ વર્ષ કોઈપણ -કારની કામગીરી થાય નહીં અને યોજના માટે ફાળવેલું બજેટ ચાર ગણું થઇ જાય તેવી સ્થિતિ હતી. વર્ષ ૨૦૦૦ પહેલાં કોગ્રેસના શાસનમાં રાજ્યમાં માત્ર ૪૭૦૦ ગામોમાં પાણી પૂરવઠા યોજનાઓ હતી.

# ભૂમિ પેડનેકર'' શેર કરે છે વોઉ સ્કીનકેર લાઈનની બ્રાન્ડ એમ્બેસેડર બનવા પાછળ પોતાનું રાઝ

અમદાવાદ, વોઉ સ્કીન સાયન્સ, જે એક ઈ મેક ઈન્ડિયા સ્કીનકેર અને વેલનેસ બ્રાન્ડ છે, એને આજે પોતાના બ્રાન્ડ એમ્બેસેડર ભૂમિ પેડનેકર દ્વારા અભિનીત એક ટૂંકી બ્રાન્ડ વિડિઓ-ફિલ્મ ની રજુઆત કરી હતી જેમાં ભૂમિએ તેની ત્વચા માટેનો વિશ્વાસ પાછો મેળવવા માટે પ્રકૃતિ પર પાછા ફરવાનું રહસ્ય પ્રગટ કરે છે. આ માન્યતાનો પાયો એ છે કે વોઉ ત્વચા વિજ્ઞાન # #Nature Inspired Beauty ના મૂળભૂત તથ્ય પર આધારિત છે. ભૂમિને બ્રાન્ડ એમ્બેસેડર તરીકે લઈ, આ બ્રાન્ડને એક એવું અવાજ મળ્યો છે જે આ સમાન માન્યતા પ્રણાલીમાં વિશ્વાસ કરે છે. આ વિડિઓ અભિયાન વિષયે ભૂમિ પેડનેકરે કહ્યું કે,"વિશ્વાસ એ કોઈ અજમાયેલ અને ચકાસાયેલ ફોર્મ્યુલા નથી હોતું, અને મારા ત્વચા માટે તો હું માત્ર પ્રકૃતિ પર ભરોસો કરું છુ અને એટલે જ વોઉ સ્કિન વિજ્ઞાન બન્યું મારુ સૌથી વધુ પસંદીદા પસંદગી. એક ક્લાઈમેટ યોદ્ધા




હોવાના કારણે મને પ્રકૃતિની ખોળામાં પાછો આવાનો અદભુત તક મળ્યો છે અને મને ખ્યાલ આવે છે કે હું શું ગુમાવી રહ્યો છું. આપણી ખાવાની ટેવથી લઈને આપણા સ્કીનકેરની વિધિઓ અને તે સમય વચ્ચેની દરેક વસ્તુ એ જ સંદેશ આપે છે, કે હવે આપણે પ્રકૃતિને આપણા જીવનમાં પાછા લાવીએ અને એ જ વોઉ સ્કિન વિજ્ઞાન કરે છે તમારા માટે કુદરતી ઉત્પાદનો લાવીને. તેથી, હું આત્મવિશ્વાસથી કહું છું - વોઉ પર વિશ્વાસ કરો, પ્રકૃતિમાં વિશ્વાસ કરો''. (૧૯-૮)

# અમદાવાદમાં કમ્ફર્ટ બ્રાન્ડની નકલી અગરબત્તી જપ્ત



અમદાવાદ, ધુપછાવ એન્ડ કંપનીની 'કમ્ફર્ટ' બ્રાન્ડનાનામનો ઉપયોગ કરી નકલી અગરબત્તી બનાવતા અમદાવાદ શહેરના કારખાના પર રેઇડ કરી પોલીસે અંદાજે ૧૦.૯૦ લાખ રૂપિયાની મતા જપ્ત કરી હતી. અમદાવાદમાં બાપુનગર ખાતે એક મકાનમાં કમ્ફર્ટના પેકીંગમાં ત્યાં બનાવવામાં આવેલી અગરબત્તી પેક કરવામાં આવતી હોવાની માહિતી કંપનીના ઈન્વેસ્ટીગેશન ઓફિસર પ્રમોદ સોનારને મળી હતી. માહિતીને આધારે અમદાવાદ સિઆઈડી ક્રાઈમના અધિકારીઓની મદદથી બુધવારે સંબંધિત મકાન પર રેઈડ કરવામાં આવી હતી. કારખાનાના માલિક યાસિન ખાન પઠાણ (૩૦)ને તાબામાં લઈ નકલી અગરબત્તી સહિત સાધનો જપ્ત કરવામાં આવ્યાં હતાં. પૂછપરછમાં પઠાણે ધુપછાવ એન્ડ કંપની પાસેથી કમ્ફર્ટ બ્રાન્ડ માટેના કોપીરાઈટના હક્કો લીધા ન હોવાનું જણાયું હતું. આ પ્રકરણે રખિયાલ પોલીસ સ્ટેશનમાં ભારતીય દંડસંહિતાની કલમ ૪૨૦ તથા ઘી કૉપીરાઈટ એક્ટ ૧૯૫૭ની કલમ ૫૧, ૬૩, ૬૪, ૬૫ હેઠળ ગુનો નોંધવામાં આવ્યો હતો. (૧૯-૧)

# એક નાના શહેરના સુપર એન્જલ ગૌરવ સિંઘવી વેન્ચર પાર્ટનર તરીકે ૯યુનિકોર્ન્સમાં જોડાયા



અમદાવાદ, ભારતીય વેન્ચર કેપિટલ ઈકોસિસ્ટમ મોટા પ્રમાણમાં ફેરફારો તરફ વળી રહી છે. છેલ્લા કેટલાક વર્ષોમાં, નાના શહેરોના ઘણા રોકાણકારો એક એવી ઉદ્યમી ઈકોસિસ્ટમનું નિર્માણ કરવા માટે અને તેને મજબૂત બનાવવા માટે આગળ આવ્યા છે, જે ફક્ત ટોચના દસ મહાનગરો સુધી મર્યાદિત નથી. છેલ્લા કેટલાક મહિનાઓમાં, B અને C શહેરો જેવા કે સુરત, બિલાસપુર, કટક અને વાઈઝેગના ઘણા ટોચના ઉત્તમ વ્યૂહરચનકારી ઉદ્યોગસાહસિકો જે રોકાણકારો પણ બન્યા છે, તેઓ ભારતનું પ્રથમ એક્સિલરેટર ફઝ (વીસી) ફંડ ૯યુનિકોર્ન્સની સાથે વેન્ચર પાર્ટનર તરીકે જોડાયા છે, જેથી તેઓ દેશની જોશપૂર્ણ અને ઊભરતી સ્ટાર્ટ-અપ કમ્યુનિટીનો ભાગ બની શકે. ગૌરવ વી સિંઘવી, જેઓ સુરત સ્થિત ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ છે અને વ્યવસાયે રોકાણ બેક્રર છે, તેઓ તાજેતરમાં મુંબઇ સ્થિત ૯યુનિકોર્ન્સમાં વેન્ચર પાર્ટનર (સાહસ ભાગીદાર) તરીકે જોડાયા છે. સિંઘવી, જેઓ પ્રથમ પીઢીના ક્રમિક ઉદ્યોગસાહસિક અને ધ ફાઈનાન્સિયલ સુપરમાર્કેટ ગ્રુપના સ્થાપક છે, તેઓ છ વર્ષથી વધુ રોકાણનો અનુભવ ધરાવે છે અને તેમણે તેમની ફેમિલી ઓફિસ ગૌરવ સિંઘવી વેંચર્સ દ્વારા ૫૭ આશાસ્પદ સ્ટાર્ટ-અપ્સ ને એન્જલ ઈન્વેસ્ટર તરીકે સમર્થન આપ્યું છે. તેઓ ઈન્સ્ટીટ્યુટ ઓફ સર્ટીફાઈડ ફ્રેંચાઈઝ એક્ઝિક્યુટિવ્સ (ICFE USA)ના સર્ટીફાઈડ ફ્રેંચાઈઝ એક્ઝિક્યુટિવ (CFE) પણ છે. ૯યુનિકોર્ન્સ, જે વેન્ચર કેટેલિસ્ટ્સનો એક ભાગ છે, તેના વેન્ચર પાર્ટનર તરીકે, શ્રી સિંઘવી ૯યુનિકોર્ન્સમાં ડ્યુ ડિલિજન્સ; અને રોકાણની તકો માટે વ્યૂહરચના બનાવવામાં મદદ કરશે. (૧-૭)

# થરાદના આજાવાડામાં મોબાઈલની દુકાનમાંથી ૧.૫૦ લાખની મત્તા ચોરાઇ



થરાદ, થરાદના આજાવાડા ગામે આવેલી મોબાઇલની દુકાનના શટરનુ તાળું તોડી તેમાંથી આશરે દોઢેક લાખ રૂપીયાની મત્તાની ચોરી કરી જતાં પંથકમાં ફફડાટની લાગણી -સરી જવા પામી હતી. થરાદ પોલીસે વધુ તજવીજ હાથ ધરી હતી. થરાદના આજાવાડા ગામમાં મુખ્ય કેનાલ નજીક તાલુકાના નારોલી ગામના કાનાભાઇ રામજીભાઇની કુળદેવી મોબાઇલ નામની દુકાન આવેલી છે. જેમાં સોમવારની રાત્રિના સુમારે તસ્કરો ત્રાટક્યા હતા. તસ્કરોએ દુકાનના શટરનું તાળું તોડી દુકાનમાં વેચાણ અર્થે રાખવામાં આવેલ મોબાઈલ તેમજ સોલાર તેમજ ટ્રેક્ટર જેવા વાહનોની બેટરીઓ અને અન્ય ઈલેક્ટ્રોનિક સામાનની ચોરી કરી હતી. આ અંગે મંગળવારની સવારના સુમારે ગ્રામજનોએ જાણ કરતાં કાનાભાઈ દુકાને દોડી આવ્યા હતા. આ અંગે તેમણે થરાદ પોલીસ મથકમાં જાણ કરી હતી. આથી દોડી આવેલી પોલીસે વધુ તપાસ પણ હાથ ધરી હતી. કાનાભાઈ આગળના દિવસે જ વિવિધ વસ્તુઓ જેવી કે સાદા મોબાઈલ, મોટી પેનલો સોલાર બેટરી, ટ્રેક્ટરની બેટરીની ખરીદી કરી લાવ્યા હતા. અને સોમવારે સાંજે સાત વાગ્યે રોજની જેમ દુકાન બંધ (વસ્તી) કરીને ઘરે ગયા હતા. મંગળવારે સવારે આ અંગે ગ્રામજનોએ દુકાનનું શટર તોડેલું હોવાની જાણ કરી હતી. આથી તેમણે આવીને જોતાં દુકાનમાંથી અંદાજીત દોઢેક લાખની મત્તાની ચોરી થવા પામી હતી. શિયાળાની શરુઆત થવાની સાથે જ તસ્કરો ઠંડીની ઋતુનો ફાયદો ઉઠાવી કરી ચોરીઓ રહ્યા છે. થરાદ પંથકમાં ચોરીઓના બનાવો બનતાં લોકોમાં ફફડાટની લાગણી -સરવા પામી છે.

## માસ્ક બાબતે પોલીસને 'ખંભાત તાલુકામાં કેવી નોકરી કરો છો તેવી ધમકી આપનાર બે વિરૂદ્ધ ફરિયાદ

ખંભાત, ખંભાત તાલુકાના ઉંદેલ ગામની હાઈસ્કૂલે પાસે આજે માસ્ક નહી પહેરવા તેમજ સીટ બેલ્ટ નહી બાંધવા બાબતે દંડ ફટકારવાની કાર્યવાહી દરમ્યાન બે શખ્સોએ પોલીસને અપશબ્દો બોલીને ગર્ભિત ધમકી આપતાં આ અંગે પોલીસે બન્ને શખ્સો વિરૂદ્ધ ગુનો દાખલ કરીને કાર્યવાહી હાથ ધરી છે.

**PUBLIC NOTICE**

NOTICE is hereby given that the below mentioned Sub Broker / Authorised Person is no longer affiliated as Sub Broker / Authorised Person of Kotak Securities Limited.

| Sub Broker/ Authorised Person Name | Trade Name | Exchange Registration Numbers of Sub Broker/ Authorised Person | Address of Sub Broker/ Authorised Person |
|---|---|---|---|
| JAYESH SURESHBHAI SHAH | JAYESH SURESHBHAI SHAH | NSE - AP029128291<br>BSE - Ap0106730103146 | 202 Astapad Flats 62 Jain Nagar Society New Sharda Mandir Road Ahmedabad 380007 |

Please note that above mention Sub Broker (SB)/Authorised Person (AP) is no longer associated with us. Any person henceforth dealing with above mention SB/AP should do so, at their own risk. Kotak Securities Ltd. shall not be liable for any such dealing. In case of any queries for the transactions till date, Investors are requested to inform Kotak Securities Ltd. within 15 days from the date of this notification, failing which it shall be deemed that there exists no queries against the above mentioned SB/AP.

Kotak Securities Limited. Registered Office: 27 BKC, C 27, G Block, Bandra Kurla Complex, Bandra (E), Mumbai 400051. CIN: U99999MH1994PLC134051, Telephone No.: +22 43360000, Fax No.: +22 67132430. Website: www.kotak.com / www.kotaksecurities.com. Correspondence Address: Infinity IT Park, Bldg. No 21, Opp. Film City Road, A K Vaidya Marg, Malad (East), Mumbai 400097. Telephone No: 42856825. SEBI Registration No: INZ000200137 (Member of BSE, NSE, MSE, MCX & NCDEX), AMFI ARN 0164, PMS INP000000258, and Research Analyst INH000000586. NSDL/CDSL: IN-DP-NSDL-23-97.

**માનનીય નેશનલ કંપની લો ટ્રીબ્યુનલ બેંચ, અમદાવાદ સમક્ષ**
**કંપની એપ્લીકેશન (સીએએ) નં. સને ૨૦૨૦ નો ૬૫**

કંપની કાયદા, ૨૦૧૩ અન્ય સંબંધિત જોગવાઈઓ સાથે વંચાતી કલમ ૨૩૦- ૨૩૨ની બાબતમાં.

અને

સફલ ઓર્ગેનાઈઝર્સ પ્રાઈવેટ લીમીટેડ ("SOPL" અથવા એમલ્ગેમેટીંગ કંપની)ના એચએન સફળ ઈન્ફ્રા ડેવલોપર્સ પ્રાઈવેટ લીમીટેડ ("HSIDPL અથવા એમલ્ગેમેટેડ કંપની) અને તેના સંબંધિત શેરહોલ્ડરો અને લેણદારો સાથેની સ્કીમ ઓફ અમેલ્ગમેશનની બાબતમાં.

સફલ ઓર્ગેનાઈઝર પ્રાઈવેટ લીમીટેડ (CIN: U45202GJ2006PTC049459) કંપની કાયદા ૧૯૫૬ હેઠળ સંસ્થાપિત કંપની, જે તેની રજીસ્ટર્ડ ઓફીસ : ૧૧મો માળ, સફલ પ્રોફીટેર, ઔડા ગાર્ડન સામે,કોર્પોરેટ રોડ, પ્રહ્લાદનગર, અમદાવાદ- ૩૮૦૦૧૫ ખાતે ધરાવે છે.

અરજદાર અમેલગમેટીંગ કંપની

એચએન સફલ ઈન્ફ્રા ડેવલોપર્સ પ્રાઈવેટ લીમીટેડ (CIN: U45205GJ2015PTC083783) કંપની કાયદા ૨૦૧૩ હેઠળ સંસ્થાપિત કંપની, જે તેની રજીસ્ટર્ડ ઓફીસ : ૧૦૦૨, ૧૦મો માળ, સફલ પ્રોફીટેર, ઔડા ગાર્ડન સામે, કોર્પોરેટ રોડ, પ્રહ્લાદનગર, અમદાવાદ- ૩૮૦૦૧૫ ખાતે ધરાવે છે.

અરજદાર અમેલ્ગમેટેડ કંપનીની

**અરજદાર અમેલ્ગમેટેડ કંપનીના પ્રેફરન્સ શેરહોલ્ડરોની બેઠક બોલાવતી નોટીસ**

નેશનલ કંપની લો ટ્રીબ્યુનલ, અમદાવાદ બેંચે કરેલ હુકમ તા. ૨ ડિસેમ્બર, ૨૦૨૦ દ્વારા સફલ ઓર્ગેનાઈઝર્સ પ્રાઈવેટ લીમીટેડ (("SOPL" અથવા "અમેલગમેટીંગ કંપની") ના એચએન સફલ ઈન્ફ્રા ડેવલોપર્સ પ્રાઈવેટ લીમીટેડ ("HSIDPL" અથવા "એમલ્ગેમેટેડ કંપની") અને સદરહું કંપનીઓના સંબંધિત શેરહોલ્ડરો અને લેણધારો સાથેની સ્કીમ ઓફ અમેલ્ગેમેશનમાં ઉલ્લેખ કરાયેલ ગોઠવણોની વિચારણા અને જો યોગ્ય લાગે તો, ફેરફાર(રો) સાથે અથવા વગર, મંજુર કરવા માટે અરજદાર એમલ્ગેમેટેડ કંપનીના પ્રેફરન્સ શેરહોલ્ડરોની બેઠક બોલાવા નિર્દેશ કર્યો છે. સદર હુકમ મુજબ અને તેમાં દર્શાવ્યા મુજબ વધુમાં નોટીસ આપામાં આવે છે કે અરજદાર અમેલ્ગમેટેડ કંપનીના પ્રેફરન્સ શેરહોલ્ડરોની સદરહું બેઠક સોમવાર, ૧૧ જાન્યુઆરી, ૨૦૨૧ ના રોજ બપોરે ૧૨ કલાકે ૧૦૦૨, ૧૦મો માળ, સફળ પ્રોફીટેર, કોર્પોરેટ રોડ, ઓડા ગાર્ડન સામે, પ્રહલાદનગર, અમદાવાદ ૩૮૦૦૧૫ ખાતે યોજાશે.

કંપની કાયદા, ૨૦૧૩ ની કલમ ૨૩૦ (૩), કલમ ૨૩૨(૧) અને (૨) અને ૧૦૨ સાથે વંચાતા કંપની (કોમ્પ્રોમાઈઝ, એરેન્જમેન્ટ અને અમેલ્ગમેશન) નિયમો, ૨૦૧૬ ના નિયમ ૬ હેઠળ જણાવેલ સ્કીમની નકલ, ખુલાસા નિવેદન અને પ્રોક્સી ફોર્મ અરજદાર અમેલ્ગમેટેડ કંપનીના પ્રેફરન્સ શેરહોલ્ડરો દ્વારા તે અંગે અરજી મળતા અરજદાર અમેલ્ગમેટેડ કંપનીની ઉપર જણાવેલ રજીસ્ટર્ડ ઓફીસેથી એક(૧) દિવસની અંદર (શનિવાર, રવિવાર અને જાહેર રજાઓ સિવાય) વિના મુલ્યે મેળવી શકાશે.

પ્રોક્સી ફોર્મ કંપનીની રજીસ્ટર ઓફીસેથી મેળવી શકાશે.

એનસીએલટીએ શ્રી વસંત પટેલની અરજદાર અમેલ્ગમેટેડ કંપનીના પ્રેફરન્સ શેરહોલ્ડરોની જણાવેલ બેઠક ના ચેરમેન ચેરપર્સન તરીકે નિમણુંક કરી છે. સ્કીમ, સદર બેઠકમાં મંજુર થાય તો, એનસીએલટીના અનુગામી મંજુરીને આધિન રહેશે.

સ્થળ : અમદાવાદ
તારીખ : ૦૯/૧૨/૨૦૨૦

**શ્રી વસંત પટેલ**
બેઠક માટે નિમાયેલ ચેરમેન

**પાર્કર એગ્રોકેમ એક્ષપોર્ટસ લિમિટેડ**
**(CIN : L24110GJ1993PLC020102)**
**રજીસ્ટર્ડ ઓફીસ : બ્લોક એચ, પ્લોટ-૩ તથા ૪, નવા કંડલા- ૩૭૦૨૧૦, (કચ્છ)**
ઈ-મેઈલ :parkeragro_abd@yahoo.in
વેબસાઈટ:www.parkeragrochem.com

**રિમોટ ઈ-વોટીંગ, બુક ક્લોઝર તથા વાર્ષિક સામાન્ય સભાની નોટિસ**

આથી નોટીસ આપવામાં આવે છે કે કંપનીના સભ્યોની ૨૭મી વાર્ષિક સામાન્ય સભા (એજીએમ) વીડીઓ કોન્ફરન્સીંગ (વીસી) અથવા બીજી તરફ ઓડીયો વિજ્યુઅલ મીન્સથી (ઓએવીએમ) સોમવાર, ૨૮મી, ડિસેમ્બર ૨૦૨૦ના રોજ બપોરે ૩.૦૦ વાગે જે કોર્પોરેટ અફેર્સ મંત્રાલય (એમસીએ) દ્વારા જારી કરાયેલ સામાન્ય પરિપત્ર નં. ૨૦/૨૦૨૦ તારીખ ૫ મે, ૨૦૨૦ સામાન્ય પરિપત્ર ૧૪/૨૦૨૦ તા.૮ એપ્રીલ ૨૦૨૦ અને સામાન્ય પરિપત્ર નં. ૧૭/૨૦૨૦ તારીખ, ૧૩મી એપ્રિલ( એમસીએ પરિપત્ર )અને સેબીના પરિપત્ર નં. SEBI/HO/CFD/CMD1/CIR/P/2020/79 તારીખ ૧૨મી મે, ૨૦૨૦ નું પાલન કરીને નોટિસમાં નિર્ધારિત વ્યવસાયનો વ્યવહાર કરવા માટે શારીરીક હાજરી વિના યોજાશે.

કોવિડ-૧૯ મહામારીને ધ્યાનમાં રાખી ઉપરના એમસીએ/સેબી સરક્યુલરનું પાલન કરતા આ નોટિસના સાથે વાર્ષિક અહેવાલ નાણાંકીય વર્ષ ૨૦૧૯-૨૦ તમામ સભ્યોને તેમના ઈ-મેઈલ આઈડી મારફત વાર્ષિક અહેવાલની કોપી મોકલાવી દીધી છે. વાર્ષિક અહેવાલ બીએસઈ લિમિટેડ ની વેબસાઈટ www.bseindia.com ઉપર અને કંપનીની વેબસાઈટ www.parkeragrochem.com ઉપર થી મેળવી શકાશે.

કૃપયા ધ્યાન આપો કે કંપનીની ૨૭મી એજીએમ વીસીઅથવા ઓએવીએમ મારફતે ડીરેક્ટર,ઓડીટર અનેસભ્ય તથા અન્ય યોગ્ય વ્યક્તિ એજીએમ (વીસી અથવા ઓએવીઈએમ મારફતે) ડીરેક્ટર,ઓડીટર અને સભ્ય તથા અન્ય યોગ્ય વ્યક્તિ વાર્ષિક સામાન્ય સભામાં શારીરિક હાજરી વિના હાજર રહી શકે છે.એમસીએ પરિપત્ર મુજબ, સભ્યો પ્રોક્ષીની નિમણુંક નહી કરી શકે. બોડી કોર્પોરેટએ નિમણુંક કરેલ અધિકૃત પ્રતિનિધિ વીસી અથવા ઓએવીએમ મારફતે સભામાં ઉપસ્થિત રહી શકે છે.સભ્ય તેમજ બીજા આમંત્રીતો જેમને વાર્ષિક સામાન્ય સભાની નોટીસ મોકલી આપવામાં આવેલ છે તથા જે સભ્યો વાર્ષિક સામાન્ય સભામાં હાજર રહેવા હક્કદાર છે તેઓ મીટીંગના નક્કી કરેલ સમયના પંદર મીનીટ અગાઉ અને પુર્ણ થવાના સમય પછી પંદર મીનીટ સુધી સીડીએસએલના ઈ- વોટીંગ પ્લેટફોર્મનો ઉપયોગ કરી મીટીગમાં હાજર રહી શકે છે. વીસી મારફતે મીટીંગમાં હાજર થવાની પ્રકીયા મીટીંગના નક્કી કરેલ સમયના પંદર મીનીટ સુધી ચાલુ રહેશે.સભ્યોને વીસી થકી હાજરી કંપની ધારા ૨૦૧૩ની કલમ ૧૦૩ મુજબ કોરમ માટે માન્ય ગણવામાં આવશે. સીડીએસએલના પ્લેટ ફોર્મ પર સભ્યોની નોંધણી થશે તે જ સમયે સભ્યો વીસી અથવા ઓએવીએમ મારફતે એજીએમમાં લોગઈન થશે.

કંપનીએ CDSL મારફતે ઈ-વોટીંગની સુવિધા ઉપલબ્ધ કરાવી છે જો કોઈ વ્યકિત વાર્ષિક સામાન્ય સભાની નોટીસ આપ્યા પછી અને કટ ઓફ તારીખ જેમ કે ૨૧ ડીસેમ્બર,૨૦૨૦ (કટ-ઓફ ડેટ )ના પહેલા કંપનીના ઈક્વીટી શેર ખરીદયા હોય તો ઈક્વીટી શેર મુજબ મત આપવાનો અધિકાર મળશે. રીમોટ ઈ-વોટીંગ તા.૨૫મી ડીસેમ્બર,૨૦૨૦ ના શુક્રવારના રોજ સવારના ૯ કલાકે આઈએસટી મુજબ શરૂ થશે અને તા.૨૭મી ડીસેમ્બર,૨૦૨૦ના રવિવારના રોજ સાંજના ૫ કલાકે પુરૂ થશે ત્યાર પછી CDSL દ્વારા રીમોટ ઈ-વોટીંગ મોડ્યુલ બંધ કરી દેવાશે. જે સભ્યો એમના વોટ નથી આપ્યા તો ઈ-વોટીંગ માટેની કાર્યવાહી એજીએમમાં વોટીંગ કરી શકે છે. કંપનીએ એજીએમ દરમ્યાન ઈ-વોટીંગની વ્યાવસ્થા કરેલ છે.

જે સભ્યો વીસી અથવા ઓએવીએમની વાર્ષિક સામાન્ય સભામાં હાજરી આપે છે અને તે રિમોટ ઈ-વોટિંગ દ્વારા પોતાના મતાધિકારનો ઉપયોગ કરી ચુકયા હોય તેઓ એજીએમ દરમ્યાન ઈ વોટીંગ સીસ્ટમ મારફતે ફરી વાર મત આપી નહી શકે.કોઈપણ સભ્ય જે રીમોટ ઈ વટીંગ સુવિધામાં પોતોનો અતિમ મત આપી ચુકયા છે તે શેરધારકને એમા ફેરફાર કરવાની પરવાનગી નહી અપાય.

કટ ઓફ તારીખ સુધી ડિપોઝીટરીઝ દ્વારા જાળવવામાં આવતા સભ્યોના પત્રક અથવા લાભકર્તા માલિકોના પત્રમાં જે વ્યક્તિનું નામ નોંધાયેલ હશે, ફક્ત તેઓ જ મત પત્રક થકી સામાન્ય સભા ખાતે અને રીમોટ ઈ-વોટીંગ ની સગવડનો લાભ મેળવવા માટે હક્કદાર રહેશે. રિમોટ ઇ-વોટિગની માહિતી અને સૂચનાઓ મેળવવા માટે સભ્યો એજીએમની નોટીસની નોંધ જોઈ શકે છે.જે સભ્યો કટ ઓફ ડેટ ના દિવસે કંપનીના શેર ધરાવતા હશે અને નોટીસના વિતરણ થયા પછી શેર હોલ્ડર બન્યા હશે, તેમણે એજીએમની નોટીસની નોંધ પ્રમાણે કાર્યવાહી કરવાની રહેશે.

રિમોટ ઈ-વોટિંગ બાબતે કોઈપણ પૂછપરછ કે શંકા હોય તો સભ્યો (સામાન્ય પણે પુછાતા પ્રશ્નો )( એફએક્યુ) અને મદદ વિભાગ અન્વયે www.evotingindia.com પરથી ઈ વોટીંગ મેન્યુઅલને જોઈ શકે છે અથવા ઈ-મેઈલ આઈડી helpdesk.evoting@cdslindia.com પર અથવા ફોન નં ૧૮૦૦૨૨૫૫૩૩ અથવા સીડીએસલ કર્મચારી ના ફોન નં ૦૨૨.૨૩૦૫૮૫૪૩/૨૩૦૫૮૫૪૨ પર (સવાર ના ૧૦ વાગ્યા થી સાંજ ના ૬.૩૦ વાગ્યા સુધી સોમવાર થી શુક્રવાર સુધી સંપર્ક કરી શકશે.)

એવી પણ નોટીસ આપવામાં આવે છે કે કંપની ધારા ૨૦૧૩ની કલમ ૯૧ અને સેબીના (એલ.ઓ.ડી.આર.) રેગ્યુલેશન ૨૦૧૫ના ૪૨માં રેગ્યુલેશન મુજબ સભાસદોનો રજિસ્ટર તથા શેર ટ્રાન્સફર બુક્સ સોમવાર, ૨૧મી ડીસેમ્બર, ૨૦૨૦થી સોમવાર, ૨૮મી ડીસેમ્બર,૨૦૨૦ (બન્ને દિવસો સહિત) વાર્ષિક સામાન્ય સભાના હેતુ સારૂ બંધ રહેશે.

બોર્ડના હુકમથી
**વતી પાર્કર એગ્રોકેમ એક્ષપોર્ટસ લિમિટેડ**
**એસડી/-**
**જગદીશ આર. આચાર્ય**
**ચેરપર્સન અને મેનેજીંગ ડિરેક્ટર**
**(ડિન:૦૧૨૫૧૨૪૦)**

**સ્થળ : અમદાવાદ**
**તારીખ : ૨ ડિસેમ્બર, ૨૦૨૦**

# પશ્ચિમ રેલ્વે દ્વારા કોવિડ -૧૯ લોકડાઉન દરમિયાન ૭૩૦ પાર્સલ સ્પેશિયલ ટ્રેનોનું સફળતાપૂર્વક પરિચાલન





અમદાવાદ, કોરોના મહામારીના ખૂબ મુશ્કેલ સમયમાં પણ જરૂરી ચીજવસ્તુઓની સપ્લાય જાળવવા માટે,પ?િમ રેલ્વેની પાર્સલ સ્પેશિયલ ટ્રેનો દેશના વિવિધ સ્થળોએ સતત દોડી રહી છે. વિવિધ મુશ્કેલીઓ અને માનવશક્તિની અછત હોવા છતાં પ?િમ રેલ્વે દ્વારા લોકડાઉન દરમિયાન, ૨૩ માર્ચથી ૬ ડિસેમ્બર, ૨૦૨૦ દરમિયાન લગભગ ૧.૯૪ લાખ ટન વજનનો માલ પશ્ચિમ રેલ્વે દ્વારા તેની ૭૩૦ પાર્સલ સ્પેશિયલ ટ્રેનોના માધ્યમથી વહન કરવામાં આવ્યો છે. જેમાં કૃષિ ઉત્પાદનો, દવાઓ, માછલી, દૂધ વગેરે મુખ્યત્વે શામેલ છે.

પશ્ચિમ રેલ્વેના મુખ્ય જનસંપર્ક અધિકારી શ્રી સુમિત ઠાકુર દ્વારા જારી કરાયેલ એક -સ રિલીસ મુજબ,આ પરિવહન દ્વારા રાજસ્વ આવક આશરે ૬૬.૧૮ કરોડ રૂપિયા રહી છે. આ અંતર્ગત,પશ્ચિમ રેલ્વે દ્વારા ૧૩૦ દૂધ સ્પેશિયલ ટ્રેનો ચલાવવામાં આવી હતી,જે ૯૯,૦૦૦ ટનથી વધુના ભાર સાથે વેગનોના ૧૦૦% ઉપયોગની સુનિશ્ચિતા કરવામાં આવ્યું. તેવી જ રીતે,આશરે ૬૦ હજાર ટન આવશ્યક ચીજવસ્તુઓના પરિવહન માટે ૫૨૧ કોવિડ-૧૯ સ્પેશિયલ પાર્સલ ટ્રેનો પણ દોડાવવામાં આવી હતી.

આ સિવાય, લગભગ ૩૪,૦૦૦ ટન ભાર માટે ૧૦૦% ઉપયોગ સાથે ૭૬ ઈન્ડેન્ટ રેક્સ પણ ચલાવવામાં આવ્યા હતા. તાજેતરમાં પશ્ચિમ રેલ્વેથી કુલ ૫૩૦ ટન ભાર સાથે ત્રણ કિસાન રેલ સેવાઓ પણ ચલાવવામાં આવી હતી. ૨૨ માર્ચથી ૬ ડિસેમ્બર ૨૦૨૦ સુધીના લોકડાઉનના સમયગાળા દરમિયાન, પશ્ચિમ રેલ્વે પર માલગાડીઓના ૨૩,૬૯૦ રેકસનો ઉપયોગ ૫૧.૯૯ મિલિયન ટન આવશ્યક માલની સપ્લાય માટે કરવામાં આવ્યો છે. ૪૭,૪૭૫ માલગાડીઓને અન્ય ક્ષેત્રિય ટ્રેનો સાથે જોડવામાં આવી હતી, જેમાં ૨૩,૭૫૯ ટ્રેનો સોંપવામાં આવી હતી અને ૨૩,૭૧૬ ટ્રેનોને વિવિધ ઈન્ટરચેંજ પોઈન્ટ લઈ જવામાં આવી. આ જ ક્રમમાં, ૭ ડિસેમ્બર, ૨૦૨૦ ના રોજ, બે પાર્સલ સ્પેશિયલ ટ્રેનો પશ્ચિમ રેલ્વેના જુદા જુદા સ્ટેશનોથી રવાના થઈ, જેમાં એક પાર્સલ સ્પેશિયલ બાંદ્રા ટર્મિનસથી જમ્મુ તવી સુધી ચલાવવામાં આવી, જ્યારે એક દૂધ સ્પેશિયલ ટ્રેન પાલનપુરથી હિન્દ ટર્મિનલ માટે રવાના થઈ. લોકડાઉનના પરિણામ રૂપે યાત્રી આયનું નુકસાન કોરોના વાયરસને કારણે પશ્ચિમ રેલ્વે પર યાત્રીની કુલ આવકનું લગભગ ૩૪૫૪ કરોડ રૂપિયાનું નુકસાન થયું છે,જેમાં ઉપનગરીય વિસ્તાર માટે રૂ. ૫૪૭ કરોડ અને બિન ઉપનગરીય વિસ્તાર માટે ૨૯૦૭ કરોડ રૂપિયાનું નુકસાન સમાવેશ થાય છે.તેમ હોવા છતાં,૧ માર્ચથી ૬ ડિસેમ્બર,૨૦૨૦ સુધી ટિકિટ રદ થવાને કારણે,પશ્ચિમ રેલ્વેએ ૫૩૫ કરોડ રૂપિયાનું રિફંડ સુનિશ્ચિત કર્યું છે. ઉલ્લેખનીય છે કે આ રિફંડ રકમમાં એકલા મુંબઇ ડિવિઝને ૨૬૪ કરોડ રૂપિયાની રિફંડ ચુકવણી સુનિશ્ચિત કરી છે. અત્યાર સુધીમાં, ૮૩..૩૯ લાખ મુસાફરોએ પૂરા પશ્ચિમ રેલ્વે પર તેમની ટિકિટ રદ કરી છે અને તે મુજબ તેમની ભાડુ પરતની રકમ -ાપ્ત થઈ છે.

# વિસનગર APMC ચેરમેને મનાવ્યા બાદ હરાજી શરૂ થઈ પણ ખેડૂતો જ ન આવ્યા



વિસનગર, ઓલ ઈન્ડિયા ખેડૂત સંઘર્ષ સંકલન સમિતિ દ્વારા કૃષિ કાયદાના વિરોધમાં મંગળવારે ભારતબંધના એલાનમાં મિશ્ર -તિસાદ જોવા મળ્યો હતો. જેમાં વિસનગર ગંજબજાર વેપારી એસોસિએશન દ્વારા પણ ટેકો જાહેર કરવામાં આવ્યો હતો. જેના લીધે વિસનગરનું રાજકારણ ગરમાયું હતું. બંધના દિવસે વિસનગર સિવાય મહેસાણા જિલ્લાના તમામ ગંજબજારોની હરાજીની -ક્રિયા ચાલુ હોઈ વિસનગર ગંજબજાર દ્વારા પણ હરાજીની -ક્રિયા કરવામાં આવે તે માટે એપીએમસી ચેરમેન ઋષિકેશભાઈ પટેલે વેપારી એસોસિએશનના -મુખ કરસનભાઈ પટેલ, એપીએમસી ડિરેક્ટર પરેશભાઈ પટેલ અને એપીએમસી ડિરેક્ટર પી.સી.પટેલ સહિત વેપારીઓ સાથે મળેલી બેઠકમાં ગંજબજાર વેપારી એસોસિએશનને સમજાવ્યા હતા. વેપારી મહામંડળના સભ્યોએ જણાવ્યું કે પહેલાં અમે ખેડૂતો અને વેપારીઓની હિતના પક્ષમાં રહીશુ કોઈ પક્ષના નથી જિલ્લાના બીજા માર્કેટયાર્ડ ચાલુ હશે તો વિસનગર માર્કેટયાર્ડ પણ ચાલુ રહેશે જો બંધ હશે તો વિસનગર માર્કેટ યાર્ડ પણ બંધ રહેશે. ત્યારબાદ -મુખ અને કારોબારીના સભ્યો સહિત હરાજીની -ક્રિયાની ફોર્મલીટી કરવામાં આવી હતી.

વેપારીઓ દ્વારા કપાસની હરાજી કરીને વેપાર ધંધા ચાલુ રાખવામાં આવ્યા હતા. પરંતુ કોઈ ખેડૂત વિસનગર માર્કેટયાર્ડ ફરકયો ન હતો અને વેપારીઓ પણ કોઈ ધંધો કર્યો ન હતો. જ્યારે વિસનગર શહેરના બજારો રોજિંદાની જેમ ખુલ્લા રહ્યા હતા.

SHRIRAM City
MONEY WHEN YOU NEED IT MOST
**શ્રીરામ સિટી યુનિયન ફાયાનાન્સ લીમીટેડ**

**રજીસ્ટર્ડ ઓફિસ:** ઓફિસ નં.૧૨૩, અન્ગપ્પા નૈકેન સ્ટ્રીટ, ચેન્નાઈ- ૬૦૦ ૦૦૧
બ્રાન્ચ ઓફિસ : રજો માળ,પ્રાઈમ પ્લાઝા, રાવજીભાઈ ટાવર સામે, મણિનગર ચાર, રસ્તા, મણિનગર, અમદાવાદ, ગુજરાત- ૩૮૦૦૦૮,વેબસાઈટ :www.shriramcity.in

**સાંકેતિક કબ્જા નોટીસ**

આથી અહીં જણાવવાનું કે નીચે સહી કરનાર શ્રીરામ સિટી યુનિયન ફાયનાન્સ લીમીટેડ (એસસીયુએફ)ના અધિકૃત અધિકારીએ સિક્યોરીટાઈઝેશન અને રિકન્સ્ટ્રક્શન ઓફ ફાયનાન્સિયલ એસેટ્સ અને એન્ફોર્સમેન્ટ ઓફ સિક્યોરીટી ઈન્ટરેસ્ટ એક્ટ ૨૦૦૨ (જણાવેલ કાયદા) નિયમો, ૨૦૦૨ (જણાવેલ નિયમો)ના નિયમ ૩ સાથે વંચાતી કલમ૧૩(૧૨) હેઠળ મળેલી સત્તાની રૂએ નીચે કોષ્ટકમાં જણાવેલ દેવાદારોને જણાવેલ માંગણા નોટીસોમાં જણાવેલ રકમ પરત ચુકવવા માંગણા નોટીસો જારી કરી હતી.દેવાદારો રકમની પુનઃચુકવણી કરવામાં નિષ્ફળ ગયા છે. પરિણામે દેવાદારો અને જાહેર જનતાને નોટીસ આપવામાં આવે છે કે અહી નીચે સહી કરનારે જણાવેલ કાયદાની પેટા કલમ ૧૩(૪)ની પેટા કલમ ૮ મુજબ **૮મી, ડિસેમ્બર, ૨૦૨૦ ના રોજ** કાર્યવાહી કરી નીચે વર્ણન કરવામાં આવેલ તેના/તેણી નામે રહેલ મિલ્કતનો સાંકેતિક કબ્જો મેળવી લીધો છે.

કરજદાર અને ખાસ કરી જાહેર જનતાને મિલકત સાથે કોઈ સોદો ન કરવા સાવધ કરવામાં આવે છે અને મિલકત સાથેનો કોઈપણ સોદો શ્રી રામ સિટી યુનિયન ફાયનાન્સ લીમીટેડની નીચે જણાવેલ રકમ તેમજ તેના પર વ્યાજના ચાર્જને આધિન રહેશે.

| દેવાદારનું નામ અને સરનામું | માંગણા નોટિસ | મિલકતનું વિવરણ |
|---|---|---|
| **૧. કમળા ઈન્ડસ્ટ્રીઝ (દેવાદાર) ( પ્રોપ. પ્રદીપ ત્રિલોકચંદ ઉધાણી) ડી વાર્ડ શેડ નં. ૧૯૫ અને એએમપી,૧૯૬, કુબેરનગર, અમદાવાદ-૩૮૨૩૪૦.**<br>**૨. જય ભોલે ફુડ પ્રોડક્ટ (સહ-દેવાદાર/જામીનદાર) ( પ્રોપ. સાનિયા પ્રદીપભાઈ ઉધાણી) શોપ નં. ૩૮/૩૯, એ- વાર્ડ, પાટીયા, પાટીયા, કુબેરનગર, અમદાવાદ, ગુજરાત.૩૮૨૩૪૦**<br>**૩.શ્રી પ્રદીપ ત્રિલોકચંદ ઉધાણી ( સહ-દેવાદાર/જામીનદાર) ૧૧ હરિદ્વાર સોસાયટી, એસટી વર્કશોપ પાસે, નરોડા, કુબેરનગર, અમદાવાદ, ગુજરાત, ૩૮૨૩૪૦.**<br>**૪. શ્રીમતી સાનિયા પ્રદીપભાઈ ઉધાણી (સહ- દેવાદાર/જામીનદાર) ૧૧/હરિદ્વાર સોસાયટી, એસટી વર્કશોપ પાસે, નરોડા, કુબેરનગર, અમદાવાદ, ગુજરાત ૩૮૨૩૪૦.** | રૂા. ૫૭,૯૦,૭૫૬/- ( રૂપિયા સત્તાવન લાખ નેવું હજાર સાતસો છપ્પન પુરા) જે ૧૧મી ઓગસ્ત, ૨૦૨૦ સુધીના છે. | સ્થાવર સ્વાતંત્ર્ય મિલકત શેડ નં. ડી ૧૯૫ જેનો એરિયા માપ ૭૨.૦૭ સ્કેવર મી. સિટી સર્વે નં. ૪૭૪૪ અને શેડ નં.ડી/૧૯૬નો એરિયા માપ ૭૨.૦૭ સ્કેવર મી. સિટી સર્વે નં. ૪૭૪૫ કુલ માપ ૧૪૪.૧૪ સ્કેવર મી. બન્ને મિલાવી ને બાંધકામ ક્ષેત્ર ૧૦૦.૧૭.૦૦ સ્કેવર મી., જે મૌજે /સિટી સર્વે વાર્ડ ઓફ સરદારનગર તાલુકો સિટી અમદાવાદ જિલ્લામાં અને રજીસ્ટ્રેશન સબ જિલ્લો અમદાવાદ-૬, નરોડા , ગુજરાત રાજ્યમાં છે.<br>બાઉન્ડ્રી વિગત :-<br>ઉત્તરે - પ્લોટ નં.૩૦<br>દક્ષિણે- રોડ<br>પુર્વે - અન્ય પ્લોટ<br>પશ્ચિમે- અન્ય મિલકત |

કરજદારો ધ્યાન આપે કે આ કાયદાની કલમ ૧૩ ની પેટા કલમ (૮) મુજબ આ ગીરો મિલકત મુકત કરાવવાનો સમય મળે છે.

સ્થળ : અમદાવાદ
તારીખ : ૦૮.૧૨.૨૦૨૦

સહી/- અધિકૃત અધિકારી
શ્રી રામ સિટી યુનિયન ફાયનાન્સ લી.